# ખેડૂત વિરોધી ત્રણ કાયદા સરકાર રદ કરે, નહિ તો લોહીયાળ ક્રાંતિ થશે

## રાજસ્થાનના કાર્યકરોને દિલ્હી પ્રસ્થાન કરાવી શંકરસિંહ ગાંધીનગર ગયા : પોલીસતંત્ર સરકારનું પ્યાદુ બની ગયાનો આક્ષેપ

હિંમતનગર, તા.૯

દિલ્હીની સરહદ પર ચાલી રહેલા ખેડૂત આંદોલનને ટેકો જાહેર કરી ગુરૂવારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજસ્થાનના ૧૦૦થી વધુ તેમના પક્ષના કાર્યકરોને દિલ્હી પ્રસથાન કરાવી હિંમતનગર આવી ટૂંકુ રોકાણ કર્યું હતું. જ્યા તેમણે કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યુ હતું કે સત્વરે ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા નાબુત કરી દેવા જોઈએ અને તેના માટે સરકારે કોઈ મમત રાખવી જોઈએ નહી. સાથોસાથ ગુજરાતમાંથી અમારા પક્ષના કેટલાક કાર્યકરોને ખેડૂત આંદોલનમાં જતા રોકી લેવામાં પોલીસની ભુમિકા મહત્વની છે. જેથી પોલીસતંત્રએ સરકારનું પ્યાદુ ન બનવુ જોઈએ. આ અંગે પ્રજા શક્તિ પાર્ટીના અધ્યક્ષ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગુરૂવારે રાજસ્થાનથી પરત આવ્યા બાદ હિંમતનગરના સર્કીટહાઉસમાં કરેલા ટુંકા રોકાણ દરમિયાન પત્રકારો સાથેની વાતચિતમાં આક્રોશ પૂર્વક જણાવ્યુ હતું કે છેલ્લા ગણા દિવસોથી કેન્દ્ર સરકારે બનાવેલા ત્રણ ખેડૂત વિરોધી કાળા કાયદા નાબુદ કરવા માટે ખેડૂતો દિલ્હીની સરહદે ડેરાતંબુ નાખીને આંદોલન ચલાવી રહયા છે. કડકડતી ઠંડીને લીધે લગભગ ૫૦ થી વધુ ખેડૂતો સહિદ થયા છે. છતા સરકારના પેટનું પાણી હાલતુ નથી જે દુઃખદ બાબત છે.

જેથી સરકારે આ ત્રણ ખેડૂત વિરોધી કાળા કાયદા રદ કરાવની જાહેરાત કરી દેવી જોઈએ જો તેમ નહી થાય તો આગામી દિવસોમાં ખેડૂતોનો આક્રોશ લોહીયાળ જંગમાં બદલાઈ જાય તો નવાઈ નહી. અને ભૂતકાળમાં બનેલા જલીયાવાલા કાંડની યાદ તાજી થઈ શકે છે. ખેડૂતોની માંગણી વ્યાજબી હોવાનો દાવો કરીને તેમણે વધુમાં જણાવ્યુ હતું કે સરકાર ટેકાના ભાવ જાહેર કરે છે પરંતુ ઉત્પાદનની સામે ખુબજ ઓછો જથ્થો સરકારી તંત્ર મારફતે ખરીદવામાં આવે છે જેથી બાકીની ખેત પેદાશો ખેડૂતોને મનેકમને સસ્તા ભાવે વેચવાની નોબત આવે છે. અમારી સરકારે ભૂતકાળમાં ખેડૂતો પાસેથી મોટાભાગનો તમામ કપાસ ટેકાના ભાવે ખરીધો હતો તો અત્યારની સરકારો ખરેખર ખેડૂતોના હિતની વાતો કરતી હોય તો તેમની ખેતપેદાશો ટેકાના ભાવે ખરીદવી જોઈએ.

સરકારની નિતિ અને દાનત સારી નથી અને તે ખેડૂત આંદોલનને દબાવી દેવા માંગે છે. જેને લઈને દેશના અન્ય રાજ્યોમાંથી અને ખાસ કરીને ગુજરાતમાંથી ખેડૂત આંદોલનમાં જોડાવા માંગતા લોકોને સરકાર પોલીસની મદદથી નજરકેદ કરી લે છે. ખુદ શંકરસિંહ વાઘેલાને પણ પોલીસે ખેડૂત આંદોલનમાં જતા રોકવા માટે આખો દિવસ નજરકેદમાં રાખ્યા હતા. સરકારને જે કરવુ હોય તે કરે પરંતુ આ ખેડૂત વિરોધી કાયદા રદ થવા જોઈએ અને જો તે રદ કરવામાં સરકાર મોડુ કરશે તો ખેડૂતો નવી ક્રાંતિ લાવવાના મુડમાં છે. જેને કોઈ સરકાર કે તંત્ર રોકી શકે તેમ લાગતું નથી. હજુ પણ સમય છે કે સરકારે ખેડૂતોના હિતમાં સત્વરે હકારાત્મક વિચારણા કરીને આ કાળા કાયદા રદ કરવા જોઈએ.

### સીસીટીવી કેમેરા માસ્કથી ઢાંકી લાખ્ખોના ભંગારની

## ચોરી કરનાર તસ્કર ગેંગના સાગરીતને ૯ લાખના મુદ્દામાલ સાથે અમદાવાદથી ઝડપ્યો

મોડાસા, તા. ૭

મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં ભંગારની દુકાનમાં ત્રાટકેલા તસ્કરોએ દુકાન બહાર



લાગેલા સીસીટીવી કેમેરાને માસ્કથી ઢાંકી શટરનું તાળું તોડી ૧૪૬૦ કિલો ભંગાર કીં. રૂ.૪.૬૮ લાખ રૂપિયા જેટલા તાંબા, એલ્યુમિનિયમ અને પિત્તળનો ભંગારની ચોરી કરી ફરાર થઈ જતા હજીરા વિસ્તારમાં ધંધો કરતા દુકાનદારોમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે દુકાન માલીકે કુલ રૂપિયા ૪.૬૮ લાખના ભંગારના સામાનની ચોરી અંગેની ફરીયાદ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા સીસીટીવી કેમેરા રેકોર્ડિંગ અને બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ભંગારની દુકાનમાંથી ચોરી કરનાર તસ્કર ટોળકીના સાગરીત પ્રકાશ સુરજમલ ગુર્જરને અમદાવાદના પ્રહલાદ નગરમાંથી ઝડપી પાડી ચોરીનો મુદ્દામાલ અને પીકઅપ ડાલા સાથે ઝડપી પાડી આ ગુન્હામાં સંડોવાયેલ તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

રવિવારે રાત્રે હજીરા વિસ્તારમાં જય અંબે મેટલ નામની ભંગારની દુકાન તસ્કરો ત્રાટકયા હતા. દુકાનનું શટર હથીયાર વડે કાપી ચોરોએ દુકાનમાં પ્રવેશ કરી ભંગારના સામાનને રફેદફે કરી ચોરીને અંજામ આપ્યો હતો. દુકાનની અંદર રખાયેલ એલ્યુમીનીયમનો ભંગાર-૭૫૦ કીલો જેની કિ. રૂ.૧,૦૧,૨૫૦, તાંબાના ભંગારનો સામાન ૩૬૫ કીલો જેની કિં. રૂ.૨,૧૯,૦૦૦ તથા પિત્તળના ભંગારનો સામાન આશરે ૩૪૫ કીલો જેની કિં. રૂ.૧,૪૮,૩૫૦ મળી કુલ રૂપિયા ૪,૬૮,૬૦૦ના ભંગારના સામાનની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ અંગે પન્નાલાલ ગેનાજી કુમાવત (રહે. કાર્તિકેય સોસાયટી, માલપુર રોડ, મોડાસા)નાઓએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

મોડાસા ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે તસ્કર ટોળકીને ઝડપી પાડવા બાતમીદારો સક્રીય કરી ભંગારની ચોરી કરનાર તસ્કર ટોળકી અમદાવાદની હોવાની બાતમી મળતા તાબડતોડ ટાઉન પોલીસે પ્રહલાદનગરમાં ભંગાર ભરેલ પીકઅપ ડાલા સાથે તસ્કર ટોળકીના સાગરીત પ્રકાશ સુરજમલ ગુર્જરને દબોચી લઈ ચોરેલ ભંગાર અને પીકઅપ ડાલુ મળી કુલ રૂ.૯૬૮૬૦૦નો મુદ્દામાલ ઝડપી લીધો હતો.

## ડીસામાં વિચરતી જાતિના બાળકોના ભણતર માટે રોટરીનું આશા કિરણ

ડીસા, તા. ૭

રોટરી ઈન્ટરનેશનલ દ્વારા વિચરતી જ્ઞાતીના બાળકો માટે શિક્ષણ આપવાનું એક અભિયાન ચાલે છે. જેને 'આશા કીરણ' તરીકે ઓળખવામા આવે છે. રોટરી કલબ ડીસા ડિવાઈન દ્વારા રોટરી ઈન્ડિયા લિટરસી મિશન અંતર્ગત ડીસામાં વિચરતી જ્ઞાતીના બાળકો માટે આશા કીરણ સેન્ટર ચાલુ કરવામાં આવ્યું હતું. વિચરતી જ્ઞાતીના લોકો ૩-૪ મહિને પોતાની વસાહત બદલે છે જેથી તેમના બાળકો સ્કૂલમાં જઈ શકતા નથી જેથી આવા બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાના હેતુથી કલબ દ્વારા આશાકીરણ સેન્ટર ચાલુ કરવામા આવ્યું છે. જેનું ઉદઘાટન આસિસ્ટન્ટ ગવર્નર પ્રવીણભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું. જેમાં પ્રમુખ ડૉ. રીટાબેન પટેલ, સેક્રેટરી ડૉ. અવનિ ઠક્કર, કલબ એડવાઈઝર ડૉ. હિરેન પટેલ, રો. કેયુર ઠક્કર, રો. ગોપાલભાઈ જોષી, પ્રોજેક્ટ ચેરમેન ગીતાબેન વ્યાસ, કો. ચેરમેન ધર્મિષ્ઠાબેન પટેલ અને હિનલબેન તથા વર્ષાબેન, અરુણાબેન, અલ્પાબેન, સપનાબેન અન્ય રોટેરીયન બહેનોએ હાજરી આપી હતી.

### ભિલોડા પોલીસની આબરૂ દાવ પર લાગી

## ગાંધીનગરનો નામચીન બુટલેગર ઝડપાયાના ગણતરીના કલાકોમાં પોલીસ સ્ટેશનમાંથી ફરાર

ભિલોડા, તા. ૭

ભિલોડા પોલીસે બુધવારે વીરપુર ત્રણ રસ્તા પર વાહન ચેકીંગ દરમિયાન ઈ-ગુજકોપ પોકેટકોપ મદદથી પસાર થઈ રહેલા ગાંધીનગર ભાટ ગામના નામચીન બુટલેગર સંદીપ ઉર્ફે મોન્ટુ મોહનભાઈ ચાવડાને ઝડપી લીધો હતો અને તેને અટક કરી ભિલોડા પોલીસ પોલીસના જાપ્તા હેઠળ રખાયો હતો. પોલીસે બુટલેગરની પૂછપરછ હાથ ધરી હતી ત્યારે સાંજના સમયે પોલીસની બેદરકારીનો ફાયદો ઉઠાવી ચકમો આપી કુખ્યાત બુટલેગર પોલીસ સ્ટેશનમાંથી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. પોલીસની આંખો સામે જ પોલીસ જાપ્તામાંથી બુટલેગર જાણે હવામાં ઓગાળી ગયો હોય તેવી સ્થીતીનું નિર્માણ થતા પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા છે. ભિલોડા પોલીસની કામગીરી પણ શંકાના દાયરામાં આવી ગઈ છે, ફરાર કુખ્યાત બુટલેગર સંદીપ ઉર્ફે મોન્ટુને ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી છે. જીલ્લા પોલીસવડા સંજય ખરાતે આરોપીને ઝડપી પાડવા વિવિધ ટીમ બનાવી ઝડપી પાડવા કામગીરી શરૂ કરી દીધી છે અને ટૂંક સમયમાં પકડાઈ જશે તેમ જણાવ્યું હતું.



ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા જીલ્લામાં પ્રોહીબીશનના ગુન્હામાં સંડોવાયેલો ગાંધીનગરના ભાટ ગામનો નામચીન બુટલેગર સંદીપ ઉર્ફે મોન્ટુ ચાવડા જીલ્લામાં સમય અંતરે આંટા ફેરા મારતો રહે છે. ભિલોડા પોલીસે વીરપુર ત્રણ રસ્તા પર શંકાસ્પદ હાલતમાં પસાર થતા સંદીપ ઉર્ફે મોન્ટુને વાહન ચેકીંગ દરમિયાન ઈ-ગુજકોપ પોકેટકોપની મદદથી બુધવારે બપોરે દબોચી લઈ ૩.૩૦ કલાકે અટક કરી કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો. સાંજના ૭ વાગ્યાના સુમારે પૂછપરછ માટે લોકઅપમાંથી બહાર કાઢી પોલીસે સઘન પૂછપરછ કરતી હતી, ત્યારે પોલીસને ચકમો આપી નજર સામે જ પકડાયાના ગણતરીના કલાકોમાં ફરાર થઈ જતા ભિલોડા પોલીસ બુટલેગરને પકડવા તમામ વિસ્તારમાં હવાતિયા માર્યા બાદ આખરે સંદીપ ઉર્ફે મોન્ટુ બુટલેગર હાથમાં ન આવતા સમગ્ર ઘટના અંગે જીલ્લા પોલીસવડા સંજય ખરાતને જાણ કરતા ઘટનાની ગંભીરતા સમજી પોલીસ જાપ્તામાંથી ફરાર બુટલેગરને ઝડપી પાડવા એલસીબી, એસઓજી અને પેરોલ ફર્લો સહીત અલગ અલગ ટિમો બનાવી બુધવારે આખી રાત સંભવિત સ્થળો ખૂંદી વળ્યાં હોવા છતાં બુટલેગરને ઝડપી પાડવા પનો ટૂંકો પડ્યો હતો.

ભિલોડા પોલીસે ઝડપેલ કુખ્યાત બુટલેગર સંદીપ ઉર્ફે મોન્ટુ ચાવડા પોલીસની આંખોમાં ધૂળ નાખી પોલીસ સ્ટેશનમાંથી ફરાર થઈ જતા પોલીસબેડાંમાં હડકંપ મચ્યો છે. ભિલોડા પોલીસની શાખ પર દાગ લગાડનારી ઘટનાના પગલે તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી પોલીસ માટે આવી બાબત નવાઈ ના કહી શકાય, કેમકે ભૂતકાળમાં પોલીસ પર હુમલો, પોલીસનો દારૂ ચોરાવવો, દારૂ સગેવગે કરવા જેવી અનેક ઘટનાઓમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ નામ બહાર આવતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પર કાળી ટીલી સમાન દાગ લાગ્યા છે ત્યારે વધુ એક કિસ્સામાં પોલીસ સ્ટેશનમાંથી બુટલેગર ફરાર થઈ જવાની ઘટનાના પગલે પોલીસ પર મોટો કાળો ધબ્બો માર્યો છે. એક વર્ષ અગાઉ પણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાંથી મધ્યરાત્રીએ લોકઅપમાં રહેલા કાલબેલિયા અને જોગી ગેંગના બે આરોપીઓ લોકઅપના શૌચાલયની જાળી તોડી ફરાર થતા જીલ્લા પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું.

## મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ગરમાવો

### વોર્ડ નંબર-૪માંથી વરિષ્ઠ પત્રકાર ભરતભાઇ કડીયાની ઉમેદવારી નિશ્ચિત

મોડાસા, તા. ૭

મોડાસાના વોર્ડ નં. ૪ સહિત શહેરમાં સારી નામના ધરાવતા જનસેવાને વરેલા અને જનપ્રભુત્વ ધરાવનાર ભરતભાઈ



એમ. કડીયાને ભાજપ ટીકીટ ન આપે તો પણ તેમના સમર્થકો અપક્ષમાંથી ઉમેદવારી કરાવી વિજય બનાવવાનો સંકલ્પ કરી ચુક્યા છે.

રાજયમાં સ્થાનીક સ્વરાજની ચૂંટણી જાહેર કરવામાં આવી છે ત્યારે મોડાસા નગરપાલિકાની ચૂંટણી પણ યોજાનાર છે. આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ તરફથી પોતાની ઉમેદવારી કરવા અનેક લોકો દોડાદોડી કરી રહ્યા છે, ત્યારે મોડાસા નગરપાલિકા વિસ્તારમાં આવતા વોર્ડ નં. ૪ મા ભાજપ તરફથી ચૂંટણી લડવા ઓમનગર સોસાયટીમા રહેતા અને વર્ષોથી ટીવી ચેનલના પત્રકાર તરીકે સેવા આપતા ભરતભાઈ એમ. કડિયાએ પોતાની દાવેદારી નોંધાવી છે. ભરતભાઈ કડીયા તેમના વિસ્તારમાં સારી એવી નામના ધરાવતા હોવાથી ભાજપ તેમને ટીકીટ આપે તેવી ભરતભાઈ ઈચ્છા દર્શાવી રહ્યા છે. જો કે ભરતભાઈને ભાજપ ટીકીટ ન આપે તો તેમના સમર્થકો તેમને અપક્ષ ઉમેદવાર બનાવી જીતાડવાનો સંકલ્પ કરી ચુક્યા છે. ત્યારે ચોક્કસપણે ભાજપ ભરત એમ. કડીયાની દાવેદારી અંગે વિચાર કરશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.



### વડગામના પાંચડામાં કોરોના અંતર્ગત ડેમોનું આયોજન કરાયું

વડગામ તાલુકાના પાંચડામાં જિલ્લા આરોગ્ય અધિકારી મનીસ ફેન્સી અને તાલુકા આરોગ્ય અધિકારી પ્રકાશભાઈ ચોધરીના માર્ગદર્શન હેઠળ કોરોના વેક્સિન ડ્રાય રન અંતર્ગત ડેમોનું આયોજન કરાયું હતું. જેમાં પાંચડાં મેડિકલ ઓફિસર ડો. બી.એમ. પ્રજાપતિ અને સ્ટાફ દ્વારા લાભાર્થીઓનું રજિસ્ટ્રેશન કરી કોવીન ડિજિટલ એપમાં વેક્સિનની એન્ટ્રી કરાવી વેક્સિન રૂમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર, આશા વર્કર અને પાંચડાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ અને પ્રાથમિક સ્કૂલના સ્ટાફ દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો.

## યુવતીના ફેસબુક પર બીભસ્ત ફોટા અપલોડ કરનાર યુવકને એસઓજી પોલીસે દબોચ્યો

સોશિયલ મીડિયાનો ઉપયોગ ખૂબ વધી ગયો છે ત્યારે તેનો દુરૂપયોગ પણ ઘણો થવા લાગ્યો છે. કોઈને હેરાન કરવા કે બદનામ કરવાના ઈરાદાથી પણ આ માધ્યમનો ઉપયોગ ઘણા લોકો કરતા



હોય છે. આવી જ એક ઘટના ભિલોડા પંથકમાં બની હતી જેમાં યુવતીના બીભસ્ત લખાણ સાથેના ફેસબુક પર ફોટા ઉપલોડ થતા યુવતીના પિતાએ આ અંગે ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવતા એસપી સંજય ખરાતે સાયબર ક્રાઈમની ઘટનાની ગંભીરતાને પગલે એસઓજી પોલીસને તપાસ સોંપતા પીઆઈ ભરવાડ અને તેમની ટીમે ફેસબુક પર ખોટા નામે એકાઉન્ટ બનાવી યુવતીને બદનામ કરનાર ખલવાડના પ્રતીક મગનભાઈ ખરાડીને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.


અરવલ્લી એસઓજી પોલીસ કર્મચારી રાજેશભાઈ, અતુલભાઈ અને ધવલભાઈ મેઘરજ નજીક ઉંડવા સરહદ પર પેટ્રોલીંગમાં હતા ત્યારે એક ઈસમ એકસપ્લોઝીવનો જથ્થો લઈને પસાર થતો હોવાની બાતમી મળતા ઉંડવા સરહદ પર થેલા સાથે પસાર થતા નારાયણ મગનાજી ભીલને અટકાવી તલાસી લેતા થેલામાંથી જીલેટીન ટોટા-૧૩ નંગ અને ડીનોટર કેપ-૩૦ મળી આવતા પોલીસ ચોકી ઉઠી હતી વિસ્ફોટક જથ્થા સાથે નારાયણ ભીલને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે ગેબી નજીક બાઈક પર વિદેશી દારૂ ભરી પસાર થતા કીરણસિંહ પ્રતાપસિંહ વાઘેલા (અલવા-ધનસુરા) અને ભરતસિંહ દીપસિંહ સોલંકી (દોલતાબાદ-તલોદ)ને ઝડપી પાડી રૂ.૧૩૨૦૦નો દારૂ જપ્ત કરી બાઈક સાથે કુલ રૂ.૩૮૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી, શામળાજી નજીક એસ્ટીમ કારમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ સાથે નવા વેણપુર ગામના જયેશ રમેશભાઈ નિનામાને ખેપ મારતો ઝડપી લીધો હતો.



## વડગામના મેતા પી.એચ.સી.માં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

વડગામ તાલુકાના મેતા ગામોમાં તાલુકા આરોગ્ય અધિકારી પ્રકાશભાઈ ચૌધરી અને મેતા ગામામ આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર વિક્રમસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેતામાં તેમજ તાલુકાના આરોગ્ય સ્ટાફ અને બાજુબાજુ ગામના યુવાનો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૦૧ બ્લડ બોટલ એકત્ર થઈ હતી. આ સમગ્ર બ્લડ જરૂરિયાતમંદ સગર્ભા બહેનોને વિનામૂલ્યે આપવામાં આવશે.



## વડગામ તાલુકાના ઘોડીલયાના સીઆરપીએફ જવાન માર્ગ અકસ્માતમાં શહીદ થતા ગામમાં ગમગીની

વડગામ, તા. ૭

વડગામ તાલુકાના ઘોડીયાલ ગામના એક સીઆરપીએફ જવાન માર્ગ અકસ્માતમાં શહીદ થતા ગામમાં ગમગીની સાથે શોક છવાયો હતો.





સમગ્ર ઘટનાની વિગતો જાણવા મળતી મુજબ વડગામ તાલુકા ઘોડીયાલના રહેવાસી ચંદનસિહ જુઠાજી બારડ સીઆરપીએફના (એનડીઆરએફ)માં ગાંધીનગર ખાતે ફરજ બજાવતા આ જવાન પોતાની ફરજ બજાવીને બાઈક લઈને પોતાના ક્વાર્ટર પર જઈ રહ્યો હતો તે સમયે કોઈ વાહનના ચાલકે અડફેટમાં લઈને ટક્કર મારતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ જવાનને અમદાવાદની એક જાણીતી એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન બાદ બે દિવસ બાદ સીઆરપીએફના જવાનનુ મોત થતાં આ જવાનના મૃતદેહને માદરે વતન ઘોડીયા ખાતે લવાયો હતો. જવાનના શહીદના મોતના સમાચાર મળતા જવાનના કુટુમ્બીજનો તેમજ સગાંસંબંધીઓમાં શોકાતુર વર્તાયો હતો તેમજ ગામમાં પણ જવાન શહીદ થવાના સમાચાર મળતાં ગામ લોકોમાં ગમગીની ફેલાઈ હતી. જવાનના મૃતદેહને સીઆરપીએફના જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપીને અંતિમ ક્રિયા કરાઈ હતી. ગામ આખુંય હીબકે ચડ્યું હતું.

## મોહસીને આઝમ મિશનનું શિક્ષણ જાગૃતિ અભિયાન

બાપુનગરમાં બાળકોને શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મોહસીને આઝમ મિશન દ્વારા બાળકોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. મોહસીને આઝમ મિશન દ્વારા સમાજ સેવાના વિવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ઈદરીશ સાબલિયા સાબિર પેન્ટર, તારીક બાંડી, તાહિર ચૂડઘર, સફિક બુલા વગેરે હાજર રહ્યા.

